# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૬-C તા.૮-૩-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ગુણોત્સવ-૮ અંતર્ગત થનાર વિદ્યાર્થી મૂલ્યાંકન અન્વયે ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ-Aadhaar Enabled DISE અંતર્ગત વિદ્યાર્થીઓની માહિતીના અપડેશન બાબત.

સંદર્ભ :- માન.એસ.પી.ડી.શ્રીનો પત્રક્રમાંક : SSA/MIS/2018-8311-8350 તા.૮-૩-૧૮નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ગુણોત્સવ-૮ અંતર્ગત વિદ્યાર્થી મૂલ્યાંકન માટે તમારી શાળાના દરેક બાળકોના નામ-ચાઈલ્ડ આઈ.ડી. સાથે ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ-Aadhaar Enabled DISE માં દરેકે ૧૦ માર્ચ-૨૦૧૮ સુધીમાં અદ્યતન સ્થિતિએ/અપડેશન/નવી એન્ટ્રીની કામગીરી આ સાથે સામેલ સંદર્ભિત પરિપત્રની સૂચના અનુસાર બિનચૂક રીતે આપને આ કાર્ય પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

તા.૧૨-૩-૧૮ના રોજ ૧૧-૦૦ વાગ્યા સુધીમાં જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને આ કામગીરી પૂર્ણ થયેલ છે તેમજ એક પણ બાળકની એન્ટ્રી / અપડેશન બાકી નથી તે સબબનું પ્રમાણપત્ર પહોંચાડવાનું રહેશે.

પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે મારી ...................... શાળામાં આધાર ડાયસ એન્ટ્રી અંતર્ગત તા.૧૦-૩-૧૮ સુધીની સ્થિતિએ એકપણ બાળકની એન્ટ્રી/અપડેશન કરવાની બાકી નથી તેમજ શાળામાં અભ્યાસ ન કરતાં બાળકોના નામ કાઢવાના બાકી નથી. આમ સંપૂર્ણ રીતે Aadhaar Enabled DISE અપડેટ કરવામાં આવેલ છે.

ગુણોત્સવ-૮માં મારી શાળામાં જે સ્થિતિ મને વિદ્યાર્થી ઓ.એમ.આર. શીટ તેમજ ગુણપત્રક મળેલ છે. મારું એકપણ બાળક બાકી ન રહેલ તેની હું લેખિત ખાત્રી આપું છું.

મુખ્ય શિક્ષક : સહી / સિક્કો.

પ્રતિ,
માન. શાસનાધિકારી સાહેબશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ

તા.૮-૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**સંદીપ કુમાર,** આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન અને
કમિશનર, પ્રાથમિક શિક્ષણ

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૩૨ ૪૩૧૩૩ ફેક્સ : ૨૩૨ ૩૮૪૦૪
E-mail : spdssa@gmail.com
Toll Free No. : 1800-233-7965

ક્રમાંક: SSA/MIS/2018/૮૩૨૨-૮૩૫૦

તા. ૮/૦૩/૨૦૧૮

**ટોચઅગ્રતા**

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ ઓફિસ, જિ. તમામ

(૨) શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

વિષયઃ ગુણોત્સવ -૮ અંતર્ગત થનાર વિદ્યાર્થી મુલ્યાંકન અન્વયે ચાઈલ્ડ ટ્રેકિંગ સીસ્ટમ - Aadhaar Enabled DISE અંતર્ગત વિદ્યાર્થીઓની માહિતીના અપડેશન બાબત

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩થી ચાઈલ્ડ ટ્રેકિગ સીસ્ટમ – Aadhaar Enabled DISEની કામગીરી કરવામાં આવે છે. આ ડેટાના મહત્વના ઉપયોગ પૈકી એક ગુણોત્સવ દરમ્યાન સદર સીસ્ટમનાડેટાબેઝ પરથી દરેક બાળકના નામ – ચાઈલ્ડ આઈડી સાથે પ્રિન્ટેડ OMR આધારિત મુલ્યાંકન કરવામાં આવે છે. આગામી ગુણોત્સવ-૮નું આયોજન ટુંક સમયમાં થનાર છે. જેમાં Aadhaar Enabled DISE ઓનલાઇન એપ્લીકેશનમાંથી વિદ્યાર્થીઓના યુનિક ID અને નામ સહિતની માહિતીના આધારે OMR Sheet તૈયાર કરવામાં આવશે.

ચાઈલ્ડ ટ્રેકિગ સીસ્ટમ – Aadhaar Enable DISE ના અમલીકરણ દરમ્યાન સીસ્ટમની અસરકારકતા અને ઉપયોગિતામાં અભિવૃદ્ધિ માટે ચાલુ વર્ષે ચાઈલ્ડ ટ્રેકિગ સીસ્ટમની માહિતી બાબતે શાળાની જવાબદારી નિયત કરવા માટે શાળા કક્ષાએથી જ જેતે શાળામાં અભ્યાસ કરતાં બાળકોના રેકોર્ડ અપડેટ કરવામાં આવે છે તેમજ નવા નામાંકિત થયેલ બાળકોની એન્ટ્રી કરવામાં આવે છે. શાળા કક્ષાએથી આ વિગતો Real-time basis પર અપડેટ કરવામાં આવે છે.

અગાઉના અનુભવ મુજબ ઘણા ખરા બાળકોની એન્ટ્રી ન થવાને કારણે તેઓનું ગુણોત્સવમાં મુલ્યાંકન થયેલ નથી. આ બાબતનું ગુણોત્સવ-૮માં પુનરાવર્તન ન થાય તે હેતુથી શાળા કક્ષાએથી શાળામાં અભ્યાસ કરતાં તમામ બાળકોની વિગતો <u>તા.૧૪/૦૩/૨૦૧૮</u> સુધીમાં અદ્યતન સ્થિતિએ અપડેશન/નવી એન્ટ્રીની કામગીરી પુર્ણ કરવા આપની કક્ષાએથી આ સાથેની સુચનાઓ મુજબ જરૂરી આદેશ તથા સમીક્ષા થવા જણાવવામાં આવે છે.

Scanned by CamScanner

(૧) ચાઈલ્ડ ટ્રેકિંગ સીસ્ટમમાં બાળકોની એન્ટ્રી/અપડેશન ન થવાને કારણે તેઓનું ગુણોત્સવમાં મુલ્યાંકન થઈ શકશે નહી અને તેની સઘળી જવાબદારી જે તે શાળાની રહેશે.

(૨) ચાઈલ્ડ ટ્રેકિંગ સીસ્ટમ અંતર્ગત દરેક શાળાએ રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા સામે તા.૧૪/૦૩/૨૦૧૮ ની સ્થિતિએ સીસ્ટમ અંતર્ગત ઉપલબ્ધ બાળકોની સંખ્યા અંગેનો રીપોર્ટ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની પ્રતિ સહી સાથે બીકક્ષાએ જમા કરાવ .સી.આર.વાના રહેશે.

(૩) જિલ્લા એમ.આઇ.એસ. કો.ઓર્ડિનેટર અને બ્લોક એમ.આઇ.એસ. કો.ઓર્ડિનેટર મારફત ચાઈલ્ડ ટ્રેકિંગ સીસ્ટમના અપડેશન/એન્ટ્રીની સ્થિતિનું શાળાવાર મોનિટરીંગ કરવું અને શાળા કક્ષાએ કામગીરીમાં ત્વરિતતા માટે જરૂરી ફોલોઅપ લેવાના રહેશે.

(૪) ગુણોત્સવ-૮ અંતર્ગત વિદ્યાર્થીઓના શૈક્ષણિક મુલ્યાંકન માટે ચાઈલ્ડ ટ્રેકિંગ સીસ્ટમના જે તે શાળાના તા.૧૪/૦૩/૨૦૧૮ની સ્થિતિએ ઉપલબ્ધ વિદ્યાર્થી માહિતીનો ઉપયોગ કરવામાં આવશે. તા.૧૪/૦૩/૨૦૧૮ બાદ ચાઈલ્ડ ટ્રેકિંગ સીસ્ટમનો ડેટા Freeze કરવામાં આવશે અને શાળા કે અન્ય કોઈ કક્ષાએથી અપડેશન થઈ શકશે નહિ.

(૫) ચાઈલ્ડ ટ્રેકિંગ સીસ્ટમની માહિતી મુજબ શાળા કક્ષાએ મળેલ OMR Sheet મુજબના જે તે બાળક ગુણોત્સવ મુલ્યાંકન સમયે શાળામાં ન હોય તો તે બાળક ગુણોત્સવ મુલ્યાંકનમાં ગેરહાજર ગણવામાં આવશે અને તેની શાળાના ગ્રેડિંગ પર અસર થશે. આ બાબતની દરેક શાળાએ ગંભીરતા લઈ બાળકોની અદ્યતન માહિતી અપડેટ કરવાની રહેશે.

ગુણોત્સવ-૮ ના આયોજન અને કામગીરીમાં કોઇ વિલંબ ન થાય તે માટે ઉક્ત વિગતે આ કામગીરીને **<u>ટોચઅગ્રતા આપી શાળા કક્ષાએથી તા.૧૪/૦૩/૨૦૧૮ની અદ્યતન સ્થિતિએ અપડેશન/નવી એન્ટ્રીની કામગીરી પુર્ણ કરાવવા</u>** બાબતે ગંભીર નોંધ લેશો.

( સંદીપ કુમાર )

**સવિનય નકલ રવાના જાણ સારું:**

- માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં. ૫, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. ૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned by CamScanner